# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫, તા. ૨૫-૦૪-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :

વિષય :- શાળા સમયમાં ફેરફાર કરવા બાબત

સંદર્ભ :- (૧) અત્રેની કચેરીના પરિપત્ર નં. ૧૨૬, તા. ૩૦-૦૩-૨૦૨૪

(૨) નાયબ શિક્ષણ નિયામકશ્રી, પ્રા.શિ. ગુ.રા. ગાંધીનગરના પત્ર

ક્રમાંક: પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૪/૭૧૫-૮૦૧, તા. ૨૪.૦૪.૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને જણાવવાનું કે, અત્રેની કચેરીના સંદર્ભ-(૧) વાળા પરિપત્રથી ઉનાળાની ઋતુને ધ્યાને લઇ શાળાનો સમયમાં ફેરફાર કરવામાં આવેલ હતો. નાયબ શિક્ષણ નિયામકશ્રીના સંદર્ભ –(૨) વાળા પત્રથી મળેલ સુચનાનુસાર હિટવેવને ધ્યાનમાં રાખીને મ્યુનિ. સ્કૂલ બોર્ડ હસ્તકની સવાર અને બપોર પાળીમાં ચાલતી તમામ શાળાઓનો સમય ઉનાળુ વેકેશન જાહેર ન થાય ત્યાં સુધી સવારે ૭.૦૦ થી ૧૧.૦૦ કલાક સુધીનો રાખવા જણાવવામાં આવે છે.

- શાળા સમયમાં થયેલા ફેરફાર અંગેની જાણ જે-તે શાળાએ વ્યવસ્થાપન સમિતિના સભ્યો અને વાલીઓને કરવાની રહેશે.
- શિક્ષકોએ શાળા સમય પહેલા ૧૦ મિનીટ અને શાળા સમય બાદ ૧૦ મિનીટ સુધી શાળામાં ઉપસ્થિત રહી સમગ્ર વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
- બાળકોના મધ્યાહ્ન ભોજન બાબતે જે-તે સંસ્થાના સંચાલકને આ અંગેની જાણ કરવાની રહેશે.

તા. ૨૫.૦૪.૨૦૨૪

ડો.એલ.ડી.દેસાઈ

શાસનાધિકારી